તા- ૨૮/૦૫/૨૦૨૦

शिक्षण में चमत्कार भाव प्रेरित उत्साह से होते है!

"जय हनुमान" के जयघोषसे २० इंच न कूदने वाले बच्चे उत्साह पूर्वक ६ फुटसे भी अधिक मात्र एक दिन में कूदने लगे!

## श्रद्धा -> भाव -> उत्साह -> असीमित सफ़लता



# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 9 | | 8 | | | | |
| | | | | | | 2 | | 7 |
| | | 7 | 6 | 1 | | | | |
| | 1 | 6 | 5 | 9 | | | 8 | |
| | | | 7 | | | | | 1 |
| | 9 | 8 | | | | 6 | 2 | |
| 8 | | | | | 9 | | 4 | |
| 2 | | | | | | | 1 | 8 |
| 9 | 6 | | | | 5 | | | 2 |

## ઉખાણું

પૃથ્વીનો છેડો હું

હાશ કરીને બેસે સૌ ,

સૌને વ્હાલું લાગું હું

બોલો મિત્રો કોણ હું ?

## જોડકણા

થડની ડાળે ચઢીને ભગલો હળવે-હળવે હીંચે

ધડામ કરતી ડાળ તૂટી ને ભગલો પડિયો નીચે.

# ચિત્ર



# વાર્તા

## ખેડૂતની કાકડી

– રમણલાલ સોની

એક વાર એક રાજા વેશપલટો કરી રૈયતનાં સુખદુઃખ જોવા નીકળ્યો હતો. ગામની સીમમાં એણે એક ગધેડાવાળાને જોયો. ગધેડા પર તાજી કાકડી લાદેલી હતી. રાજાએ પૂછ્યું : 'આટલી બધી કાકડી લઈ ક્યાં ચાલ્યા ? વેચવા ?'

ગધેડાવાળાએ કહ્યું : 'વેચવા નહિ, ભેટ દેવા ! ખેડૂત છું, કમોસમે આવો ફક્કડ પાક થયો છે, તો મને થયું કે રાજાને ભેટ ધરું. સાંભળ્યું છે કે રાજાને કાકડી બહુ ભાવે છે.'

રાજાએ કહ્યું : 'તમે સાંભળ્યું એવું મેય સાંભળ્યું છે, પણ રાજાને ભેટ ધરવાથી તમને શો ફાયદો ?'

ખેડૂતે કહ્યું : 'રાજા છે, ખુશ થાય તો હજાર રૂપિયા ઈનામ દઈ દે !'

રાજાએ માથું ધુણાવી કહ્યું : 'ઊંહું ! કાકડીના કોઈ હજાર રૂપિયા ન દે !'

'તો પાંચસો દેશે !'

'ઊંહું ! પાંચસોયે વધારે છે.'

'તો ચારસો દેશે, ત્રણસો દેશે, બસો દેશે. કમોસમી કાકડી છે, કેટલાં ખાતરપાણી કર્યાં છે – શું રાજા એટલુંયે નહિ સમજે ? રાજા દિલનો દોલો છે એવું સાંભળ્યું છે.'

'સાંભળ્યું છે તે સાચું છે, પણ કાકડીના કોઈ બસો રૂપિયા ન આપે !'

'તો સો આપશે ! સો કંઈ વધારે નથી.'

તોયે રાજાએ 'ઊંહું ! ઊંહું !' કર્યું. ત્યારે ખેડૂતે કહ્યું : 'સો નહિ આપે તો પચાસ તો આપશે ને ? કે એટલાય નહિ આપે ?'

રાજાએ કહ્યું : 'પચાસ પણ વધારે છે !'

ખેડૂતે કહ્યું : 'તો હું એના મોં પર કહીશ કે તું કાકડી ખાવામાં શું સમજે ? બસ, પછી કાકડી બધી છોકરાંમાં વહેંચી દઈશ, છોકરાં તો રાજી થશે ને ?'

રાજાએ કહ્યું : 'છોકરાં રાજી થશે એની ના નહિ, પણ તમારો તો માલ મફતમાં ગયો ને ?'

ખેડૂતે કહ્યું : 'જો ભાઈ, અમે રહ્યા ખેડૂત ! માલ મફતમાં જાય એનો વાંધો નહિ, પણ માન રહેવું જોઈએ. બાકી હું કંઈ પૈસા સારું કાકડી દેવા નથી, પણ માન રહેવું જોઈએ. બાકી હું કંઈ પૈસા સારું કાકડી દેવા નથી જતો; રાજા છે, રૈયતનો બેલી છે, એટલે એને ભેટ ધરવા આ લઈ જાઉં છું. પણ ખેડૂતની ભેટની રાજાને મન કંઈ કિંમત ન હોય તો એ રાજા એના ઘરનો ! એમ તો હું પણ મારા ઘરનો રાજા છું.'



આ સાંભળી રાજા હસ્યો. તેણે કહ્યું : 'ખરું કહ્યું ! ખરું કહ્યું, દોસ્ત !'

પછી બેઉ છૂટા પડયા.

રાજા કચેરી ભરીને બેઠો હતો. ત્યાં ખેડૂત ગધેડા સાથે કચેરીમાં દાખલ થયો. રાજાને પ્રણામ કરી એણે કહ્યું : 'મહારાજ, કમોસમે પાકેલી આ કાકડી હું આપને ભેટ ધરવા આવ્યો છું.'

રાજાએ કહ્યું : 'કાકડી, વાહ ! તો મારે એનું ઇનામ દેવું જોઈએ. બોલ, શું આપું ?'

ખેડૂતે કહ્યું : 'એક હજાર રૂપિયા !'

રાજાએ કહ્યું : 'ઊંહું ! ઊંહું !'

खेડૂતે કહ્યું : 'તો પાંચસો આપો !'

રાજાએ કહ્યું : 'ઊંહું ! ઊંહું !

દરબારીઓ નવાઈ પામી જોઈ રહ્યા કે કદી કોઈને ઊંહું નહિ કહેનારો રાજા આજે આ ખેડૂતને ઊંહું ! ઊંહું ! કેમ કરે છે.

ખેડૂતે કહ્યું : 'તો ચારસો આપો. ત્રણસો આપો, બસો આપો !'

રાજાએ કહ્યું : 'ઊંહું ! ઊંહું !'

'તો સો આપો ! એ કંઈ વધારે નથી.'

રાજાએ કહ્યું : 'ઊંહું ! ઊંહું !'

ખેડૂતે કહ્યું : 'તો પચાસ આપો !'

રાજાએ ગંભીર મોં કરી કહ્યું : 'પચાસ ? ઊંહું ! ઊંહું !'

ફટ દઈને ખેડુતે હવે ફાળિયું જમીન પર પછાડીને કહ્યું : 'મારી કાકડીની તને કંઈ કિંમત ન હોય તો રહ્યું ! તું રાજા તારા ઘરનો ! હું કાકડી છોકરાંમાં વહેંચી દઈશ.'

આ કહ્યું ત્યાં રાજા જોરથી હસી પડયા. હવે ખેડૂત તેને ઓળખ્યો : 'અરે, આ તો પેલો મને ગામમાં પેસતાં મળ્યો હતો એ !' એટલે એણેય જોરથી હસવા માંડયું. આખી કચેરી મૂઢ જેવી બની આ જોઈ રહી.

હસવાની કળ વળી એટલે રાજાએ કહ્યું : 'મારા રાજ્યમાં આવા ખેડૂતો છે એ જોઈને મને આનંદ થાય છે. ખજાનચી, ખેડૂતના મોંમાંથી જે આંકડો નીકળ્યો, એટલા રૂપિયા એને આપો !'

ખજાનચીએ કહ્યું : 'પચાસ રૂપિયા ?'

રાજાએ કહ્યું : 'એથી વધારે !'

ખજાનચીએ કહ્યું : 'સો રૂપિયા ?'

'એથી વધારે !'

ખજાનચીએ કહ્યું : 'બસો રૂપિયા ? ત્રણસો રૂપિયા ? ચારસો રૂપિયા ?'

રાજાએ કહ્યું : 'એથી વધારે !'

'પાંચસો રૂપિયા ?'

'એથી વધારે !'

'હજાર રૂપિયા ?'

રાજાએ કહ્યું : 'એથી વધારે !'

હવે ખજાનચી મૂંઝાયો. ખેડૂત એક હજારથી વધારે બોલ્યો નથી, તો એથી વધારે શું કહેવું ?

રાજાએ કહ્યું : 'ખેડૂતને આપો હજાર વત્તા પાંચસો, વત્તા ચારસો, વત્તા ત્રણસો, વત્તા બસો, વત્તા સો, વત્તા પચાસ ! અઢી હજાર ને પચાસ રૂપિયા ખેડૂતને આપો ! આ કાકડીની કિંમત નથી, પણ ખેડૂતના પ્રેમનો નજીવો પુરસ્કાર છે.'

આમ કહી એણે એક કાકડી લઈ સભામાં જ એ કરડવા માંડી. કહે : 'વાહ, શું ફક્કડ કાકડી છે ! આવી મીઠી કાકડી મેં કદી ખાધી નથી ! લ્યો, બધાયે ચાખો !'

દરબારમાં બધાયે કાકડી ચાવવા લાગી ગયા. પોતાની કાકડીનો આવો મહિમા થતો જોઈ ખેડૂત ખુશ ખુશ થઈ ગયો.

■

વાર્તા રે વાર્તા

**27-5-2020**

માતાપિતાને,

**1.** આપ સૌ ને વાર્તા કેવી લાગી એ પ્રતિભાવ ફેસબૂક કોમેન્ટમાં આપવો
**2.** સાથે, અંતે પુછાયેલા ઉખાણાંનો જવાબ પણ કોમેન્ટ માં આપવો!
**3.** વિડીયો શેર કરી બીજા માતાપિતા સુધી પહોંચાડીએ!

સાંભળવા અહીં ક્લિક કરો : https://www.facebook.com/watch/?v=1500678930105817

# વિજ્ઞાન પ્રયોગ

૨૮



## બૉટલની ચક્રાકાર ગતિ



**સાધન-સામગ્રી** : ૧ લિટરની પ્લાસ્ટિક બૉટલ, ઢાંકણ, પાણી, બે સ્ટ્રો, ૧ માચીસ અને દોરો



(૧)

**કૃતિ** :

૧. ઢાંકણમાં છિદ્ર કરી લાંબો દોરો તેમાંથી પસાર કરી દોરાના છેડા પર માચીસની સળીનો ટુકડો બાંધી દો.

૨. બૉટલની નીચેના ભાગે બે છિદ્રો કરવાં.

૩. બે સ્ટ્રો એ રીતે છિદ્રોમાં નાંખો કે જેથી એક છેડો છિદ્રમાં રહે. બીજો બહાર વળેલો.



(૨)

૪. બૉટલ પાણીથી સંપૂર્ણ ભરી દો અને ઢાંકણ ચુસ્ત રીતે બંધ કરી દો. દોરીની મદદથી બૉટલને લટકાવો.

**નિરીક્ષણ** : સ્ટ્રોમાંથી પાણી પાછળની બાજુની દિશામાં જાય છે અને બૉટલ જ્યાં સુધી પાણી સંપૂર્ણ ખાલી ન થાય ત્યાં સુધી આગળ ગોળાકાર દિશામાં ફરે છે.



(૩)

**શા માટે ?** : પાણી પાછળની દિશામાં (એક્શન) જાય છે. બૉટલ આગળની દિશામાં (રિએક્શન) જાય છે.

**સિદ્ધાંત** : ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ

| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7155974 |
| https://sites.google.com/view/bachhekaname/home |
| https://www.youtube.com/watch?v=hquGnOKFCQU&feature=youtu.be |
| બાળમિત્રો, રૂપ બદલીને 'સફાઇ સેવક' તરીકે તૈયાર થઇ જાઓ... આજે આપણે કપડાં મૂકવાનો કબાટ સાફ કરીશું અને કપડાં બરાબર સંકેલીને ગોઠવીશું. |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7155997 |
| https://vimeo.com/showcase/7155968 |
| https://www.youtube.com/watch?v=1Jzw0cBiA0c&feature=youtu.be |

## મેરા ભારત મહાન.




L'OREAL - ल 'ओरियल

**विदेशी - વિદેશી**

देश - फ्रांस

## -: રામાયણ :-

મંદોદરીના પિતા કોણ હતા?

# दुर्लभं भारते जन्म

## ઓમકારેશ્વર, ખંડવા, મધ્ય પ્રદેશ



ઓમકારેશ્વર મંદિર એ ભગવાન શિવના જ્યોતિર્લિંગમાંનું એક છે. આ મંદિર માંધત કે શિવપુરી નામના નર્મદા નદીના એક ટાપુ પર આવેલું છે. આ ટાપુનો આકર ૐ જેવો છે અને અહીં બે મંદિરો આવેલા છે, ઓમકારેશ્વર (ઓમકારના ભગવાન) અને અમરેશ્વર (અમર દેવોના ભગવાન). દ્વાશ જ્યોતિર્લિંગના શ્લોક અનુસાર, મામલેશ્વર જ્યોતિર્લિંગ છે, જે નર્મદા નદીની પેલે પાર અવેલું છે.

ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ સાથે સંકળાયેલી અમુક દંતકથાઓ છે. તેમાંથી ત્રણ ઘણી પ્રચલિત છે.

પ્રથમ કથા એ વિંધ્ય પર્વત વિષેની છે. એક સમયે નારદ મુનિ (બ્રહ્માજીના પુત્ર) કે જેઓ પોતાના અખંડ વિશ્વ ભ્રમણ માટે જાણીતા છે તેમણે વિંધ્ય પર્વતની મુલાકાત લીધી. પોતાની તીવ્ર વાણીમાં તેમણે વિંધ્યને મેરુ પર્વતની મહાનતા સંભળાવી. આને કારણે વિંધ્યને મેરુની ઈર્ષા ઉપજી અને તેણે મેરુ કરતા મોટા બનવાનો નિર્ણય કર્યો. મેરુ કરતાં મોટા બનવા વિંધ્ય એ શિવજીની ઉપાસના શરૂ કરી. વિંધ્યે શિવના પાર્થિવ લિંગ અને ઓમકારેશ્વરની લગાતાર છ મહિના સુધી પૂજા કરી અને કઠોર તપસ્યા કરી. આથી શિવ પ્રસન્ન થયા અને તેને ઈચ્છિત વરદાન આપ્યું. સર્વ દેવો અને ઋષિ મુનિઓની વિનંતિથી શિવ એ લિંગના બે ભાગ કર્યાં. એક ભાગ ઓમકારેશ્વર કહેવાયો અને બીજો ભાગ મામલેશ્વર કે અમરેશ્વર કહેવાયો. ભગવાન શિવ એ વિંધ્યને વધવાનું વરદાન તો આપ્યું પણ એ શરત રાખી કે તે ક્યારેય શિવ ભક્તોના માર્ગમાં આડો નહિ આવે. વિંધ્યે વધવાનું ચાલું કર્યું પણ પોતાનું વચન પાળ્યું. તેણે સૂર્ય અને ચંદ્રનો માર્ગ પણ રોક્યો. સર્વ ઋષિમુનિઓ મદદ માટે અગસ્ત્ય ઋષિ પાસે ગયાં. અગસ્ત્ય મુનિ તેમના પત્ની સાથે વિંધ્ય પાસે આવ્યાં અને તેને મનાવી લીધો કે જ્યાં સુધી તેઓ અને તેમના પત્ની પાછાં નહીં ફરે ત્યાં સુધી તે વધશે નહીં. તેઓ ફરી પાછાં ફર્યાં જ નહીં અને વિંધ્ય વધ્યો નહીં. મુનિ અને તેમના પત્ની શ્રી શૈલમમાં સ્થાયી થયાં જેને ત્યારથી દક્ષિણની કાશી કહેવાય છે અને તે દ્વાદશ જ્યોતિર્લિંગમાંનો એક છે.

એક અન્ય કથા રાજા મંધાતને સંબંધિત છે. ભગવાન રામના પૂર્વજ ઈક્ષ્વાકુ કુળના રાજા મંધાતએ ભગવાન શિવની ઉપાસના કરીને તેમને અહીં જ્યોતિર્લિઁગ સ્વરૂપે પ્રગટ થવા મનાવ્યાં હતાં. અમુક વિદ્વાનો માને છે કે મંધાત રાજાના પુત્રો અંબરિશ અને મુકુંદ દ્વારા તીવ્ર તપસ્યા કરીને શિવને પ્રસન્ન કરાયાં હતાં. આને કારણે તે પર્વતનૂં નામ મંધાત પર્વત પડ્યું છે.

એક અન્ય કથા અનુસાર એક સમયે દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું જેમાં દાનવોનો વિજય થયો હતો. દેવો માટે આ ખૂબ જ શરમ જનક વાત હતી. આથી તેમણે ભગવાન શિવની આરાધના તપશ્ચર્યા કરી. તેમની આરાધના ના ફળ સ્વરૂપે ભગવાન શિવ ઓમકારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા અને દાનવોને પરાસ્ત કર્યાં.

## -:: વીર સાવરકર જયંતી-::



વિનાયક સાવરકરનો જન્મ મહારાષ્ટ્રના ભગુર ગામમાં ૨૮ મે ૧૮૮૩ (જેઠ સુદ છઠ)ના રોજ દામોદરપંતને ત્યાં થયો હતો. ભારતીય સ્વતંત્રતા આંદોલન અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા. જેથી તેઓ વીર સાવરકર નામથી જાણીતા થયા. હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિન્દુત્વ) ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતા પણ હતા. તેઓ એક એવા ઈતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઈતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો

તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વત્રંતતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઈતિહાસ ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો હતો બ્રિટિશ સરકાર દ્વારા ફરમાવેલ બે જન્મટીપ આંદામારની સેલ્યુલર જેલમાં ભોગવનાર તેઓ પ્રથમ ક્રાંતિકારી હતા અસહય યાતનાઓ ભોગવીને પણ તેઓ સ્વરાજ માટે પ્રયત્નશીલ હતા તેમના ભાષણો તેજાબી હોવાથી બ્રિટિશ સરકાર તેનાથી ડરતી હતી. તેના પ્રભાવથી અનેક લોકો સ્વરાજ અર્થે માતૃભૂમિ માટે બલિદાન આપવા ત્યાર હતા વીર સાવરકર વિષે કહીએ તો તેનું વ્યક્તિત્વ દરિયા સમાન વિશાળ હતું તેના વિષે જેટલું લખીએ એટલુ ઓછું છે. ગંદા રાજકારણને કારણે આવા વીર સપૂતના વ્યક્તિત્વને ઉજાગર થવા દેવામાં આવેલ નથી અને આટલા વર્ષો પછી આજે પણ તેને હાસિયામાં ધકેલી દેવામાં આવેલ છે તેમ છતા જે કોઈ એ વીર સાવરકરના વ્યક્તિત્વનું રસપાન કરેલ છે તે તેની વિચક્ષણ બુધ્ધિ, અદમ્ય વ્યક્તિત્વ પ્રખર હિન્દુતાના પૂજારી બની જાય તેમાં કોઈ શંકા નથી આવા મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતાનું અવસાન ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ તેમના નિવાસ સ્થાને થયું હતું ૧૯૭૦માં ભારત સરકાર દ્વારા તેમના નામની ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

# -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |